# ખેતીવાડી ખાતાની સ્વર્ણિમ સિદ્ધિઓ

## ખેતી નિયામકની કચેરી,

## ગુ.રા., ગાંધીનગર

# રાજ્ય સરકારની ખેતી ક્ષેત્રે સિધ્ધીઓ

- દશમી પંચવર્ષીય યોજના દરમ્યાન કૃષિ (પશુપાલન સહિત)નો વિકાસ દર એકંદરે ૧૦.૫૧ ટકા નોંધાયેલ જે દેશના કૃષિ સરેરાશ વિકાસ દર કરતાં ખુબ વધુ છે.
- **રાજ્યની અગ્રેસરતા :** કપાસ, મગફળી, દિવેલા પાકો ના ઉત્પાદન ની દ્રષ્ટિએ સમગ્ર દેશમાં આપણું રાજ્ય પ્રથમ નંબરે છે. જ્યારે બાજરી પાકમાં સમગ્ર દેશમાં આપણું રાજ્ય બીજા નંબરે છે.
- **કૃષિ પાકો નું વાવેતર :**

❖ રાજ્યના કુલ ૯૮ લાખ હેક્ટર જમીન ખેડાણ લાયક છે.

❖ રાજ્યના ખાદ્ય પાકોના વાવેતર વિસ્તારમાં, વર્ષ ૨૦૦૨-૦૩ માં **૩૭.૬૯ લાખ હેક્ટર** હતું જે વધીને ૨૦૦૮-૦૯ માં **૪૨.૩૭ લાખ હેક્ટર** થયું. અને વર્ષ ૨૦૦૯-૧૦ માં આ વિસ્તાર **૩૫.૯૬ લાખ હેક્ટર** થયો.

❖ રાજ્યના તેલીબિયાં પાકોનો વાવેતર વિસ્તાર વર્ષ ૨૦૦૨-૦૩ માં **૨૮.૯૯ લાખ** હેક્ટરથી વધીને ૨૦૦૮-૦૯ માં **૩૦.૮૫ લાખ** હેક્ટર થયું. અને વર્ષ ૨૦૦૯-૧૦ માં આ વિસ્તાર **૨૬.૮૬ લાખ હેક્ટર** થયો. .

❖ વર્ષ ૨૦૦૨-૦૩ કપાસ પાકનો વિસ્તાર **૧૬.૩૭ લાખ** હેકટરથી વધીને ૨૦૦૮-૦૯ માં **૨૪.૧૭ લાખ હેક્ટર** જે વર્ષ ૨૦૦૯-૧૦ માં આ વિસ્તાર **૨૪.૬૪ લાખ હેક્ટર** થયો.

❖ રાજ્યના ખાદ્ય પાકોનું ઉત્પાદન વર્ષ ૨૦૦૨-૦૩માં **૪૩.૯૫ લાખ મે. ટન** થી વધીને ૨૦૦૮-૦૯ માં **૬૮.૭૮ લાખ** મે. ટન થયું. વર્ષ ૨૦૦૯-૧૦ માં ઓછા વરસાદની પરિસ્થિતિમાં પણ **૫૬.૦૫ લાખ** મે. ટન થયું છે.

❖ રાજ્યમાં વર્ષ ૨૦૦૨-૦૩ તેલીબિયાં પાકોનું ઉત્પાદન **૧૮.૭૭ લાખ** મે. ટન હતું જે વધીને ૨૦૦૮-૦૯ માં **૩૯.૩૨ લાખ** મે. ટન થયું. વર્ષ ૨૦૦૯-૧૦ માં ઓછા વરસાદની પરિસ્થિતિમાં પણ **૩૦.૧૦ લાખ** મે. ટન થયું છે.

❖ વર્ષ ૨૦૦૨-૦૩માં કપાસનું ઉત્પાદન **૧૮.૮૪ લાખ** ગાંસડીથી વધીને ૨૦૦૮-૦૯ માં **૭૯.૬૨ લાખ** ગાંસડી થયેલ છે જે વર્ષ ૨૦૦૯-૧૦ માં આ અંદાજે **૭૪.૦૧ લાખ** ગાંસડી થયું છે.

❖ બી. ટી કપાસ બિયારણનો ભાવ તેમજ ગુણવત્તા માટે ખેડુતોને આધાર રહે તે માટે ગુજરાત કોટન સીડ એકટ-૨૦૦૮ રાજ્ય સરકાર દ્વારા ઘડવામાં આવ્યો અને અમલમાં મુકવામાં આવ્યો. જેથી ખેડુત સમુદાયને મોટો ફાયદો મળ્યો

# <u>રાજ્ય સરકારશ્રીના ખાસ કાર્યક્રમો</u>

- ખેતીવાડી ખાતા ની બજેટ જોગવાઈ **વર્ષ ૨૦૦૨-૦૩ માં રૂ. ૨૪૨.૦૦ કરોડ હતી** જે વર્ષ ૨૦૦૮-૦૯ માં **રૂ. ૪૮૭.૫૯ કરોડ**, વર્ષ ૨૦૦૯-૧૦ માં રૂ. **૭૪૨.૪૩ કરોડ** અને વર્ષ ૨૦૧૦-૧૧ ની જોગવાઈ **રૂ. ૮૭૮.૫૮ કરોડ** રાખવામાં આવેલ છે. આમ, વર્ષ ૨૦૦૨-૦૩ ની સરખામણીમાં **વર્ષ ૨૦૧૦-૧૧ માં ૩૬૩ % વધારો છે.**

- **કૃષિ મહોત્સવ :**

♦ રાજ્યમાં વર્ષ-૨૦૦૫ થી ૨૦૧૦ દરમ્યાન વર્ષે એક માસના લાંબાગાળાના કાર્યક્રમ રૂપી કૃષિ મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

♦ કૃષિ મહોત્સવ દરમ્યાન કૃષિ અને તેને સંલગ્ન ખાતા, નિગમ, બોર્ડના અધિકારીશ્રીઓ અને કૃષિ યુનિવર્સિટી ના વૈજ્ઞાનિકશ્રીઓ કૃષિ રથના માધ્યમ દ્વારા ગુજરાત રાજ્યના તમામ ગામડાઓમાં જઈ ખેડુતોને કૃષિ અને તેને સંલગ્ન વિષય તેમજ ખેડુતલક્ષી વિવિધ સહાય યોજના અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

- **સોઈલ હેલ્થ કાર્ડ :**
  - ♦ સોઈલ હેલ્થ કાર્ડ ને સ્વર્ણિમ ગુજરાત માં ગોલ્ડન ગોલ તરીકે લેવામાં આવેલ છે.
  - ♦ રાજ્યના કુલ **૪૨.૩૯ લાખ** ખાતેદાર ખેડુતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના છે.
  - ♦ તેમાંથી અત્યાર સુધીમાં કુલ **૧૯.૬૩ લાખ** ખાતેદાર ખેડુતોને સોઈલ હેલ્થ કાર્ડ પુરા પાડવામાં આવેલ છે.
  - ♦ વર્ષ ૨૦૧૦ સુધીમાં બાકી ના તમામ **૨૨.૭૬ લાખ** ખેડુતોને સોઈલ હેલ્થ કાર્ડ પુરા પાડવાનું આયોજન કરેલ છે.

- **જળસંચય:**

  ♦ રાજ્ય સરકારશ્રીના કૃષિ વિકાસ અંગેના હકારાત્મક અભિગમના તથા છેલ્લા કેટલાક વર્ષોથી હાથ ધરાયેલ જળસંચય માટેના કાર્યક્રમો મા વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૦ સુધીના સમયગાળામા **૧,૦૪,૫૬૪** ખેત તલાવડીઓ, **૧,૦,૫,૯૭૭** બોરીબંધ, **૩૫,૭૬૬** ચેકડેમ તથા **૧૯,૧૬૪** ગામ તળાવ ની કામગીરી કરવામા આવેલ છે.

**ખેડૂતો ને વિના મૂલ્યે કૃષિ કીટસ :**

- કૃષિ મહોત્સવ દરમ્યાન રાજયના ગરીબ ખેડુતોને દર વર્ષે કૃષિકિટસ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યા.
- વર્ષ ૨૦૦૬-૦૭ મા **૧,૪૨,૭૧૧** અને ૨૦૦૮-૦૯ માં **૧,૬૫,૧૩૭** ખેડૂતોને કીટસ ૨૦૧૦-૧૧ માં **૧,૬૮,૮૩૦** લાભાર્થી ખેડૂતોને કીટસ વહેંચવામાં આવ્યા.

## ➢ ખેડુત ખાતેદાર અકસ્માત વિમા યોજના:

ખેડુત ખાતેદાર અકસ્માત વિમા યોજના હેઠળ સને ૨૦૦૭-૦૮ થી ૨૦૦૯-૧૦ સુધીમાં (છેલ્લા ત્રણ વર્ષમાં) રાજ્ય સરકારશ્રીએ બીજ નિગમ મારફતે ૧૩૧૬ ખેડુત ખાતેદારના વારસદારોને રુપીયા **૧૨૯૨.૫૦ લાખ** અને વિમા નિયામકશ્રી મારફતે ૨૩૮૫ ખેડુત ખાતેદારના વારસદારોને ને રુપીયા **૨૩૬૭.૫૦ લાખ** મળી ૩૬૦૧ ખેડુત ખાતેદારના વારસદારોને ને રુપીયા **૩૬૬૦/- લાખ** ચુકવેલ છે.

## ➢ પાક વીમા યોજના :-

- કપાસ પાક્ના પ્રિમિયમમાં એગ્રીકલ્ચર ઇન્સ્યોરન્સ કંપની ઓફ ઇન્ડીયા લી તરફથી થતો સતત વધારો ખેડૂતોને પરવડે તેમ ન હતો. વર્ષવાર કપાસના પાકમાં પ્રિમિયમમાં થતાં વધારા અને તેમાં થયેલ સુધારાની વિગત મુજબ વર્ષ -૨૦૦૫ માં ૧૫.૪૫ %, ૨૦૦૬ માં ૧૪.૪૦ % ૨૦૦૭ માં ૧૨.૨૫ % હતા અને ખરીફ-૨૦૦૮ માં ક્પાસ પાક્ના પ્રિમિયમના દર વધારીને ૧૭.૨૦ % નકકી કરવામાં આવેલ હતા. આમ વિમા કંપની તરફથી કપાસનો પાકનો પ્રિમીયમ નો દર ઘણો ઉંચો રાખવામાં આવતો હોઇ રાજ્ય સરકારશ્રી તરફથી રજુઆત કરાતાં ખરીફ-૨૦૦૮ ના ક્પાસ પાક્ના પ્રિમિયમ ના દર ૧૭.૨૦ % માંથી ૬.૨૦ % જેટલો ઘટાડો થતાં ૧૧% કરવામાં સફળતા મળેલ છે
- ખરીફ-૨૦૦૮ ના ક્પાસ પાક્ના પ્રિમિયમના દરમાં થયેલ ઘટાડાને લીધે તફાવતની રકમ રૂ. **૨.૧૭ કરોડ** ખેડૂતોના ખાતામાં પરત જમા કરવા અંગે રાજ્ય સરકારશ્રી એ કાર્યવાહી કરેલ છે.
- કપાસનું ખરીફ-૨૦૦૯ માં પ્રિમિયમનો દર ૯.૨૫ % અને ખરીફ-૨૦૧૦ માં ૮.૫૦ % થયેલ છે. આમ ઉત્તરોતર પ્રિમિયમનો દર ઘટેલ છે અને હજુ પણ આ પ્રિમિયમના દરમાં ઘટાડો કરવા માટે સરકારશ્રીએ એગ્રીકલ્ચર ઇન્સ્યોરન્સ કંપની ઓફ ઇન્ડીયા લી ને રજુઆત કરેલ છે.

- ❖ એગ્રીકલ્ચર ઇન્સ્યોરન્સ કંપની ઓફ ઇન્ડીયા લી,અમદાવાદ તરફથી સને ૨૦૦૮-૦૯ ના વર્ષ સુધીના પાક વિમાના દાવાઓ મંજુર કરેલ છે. મંજુર થયેલ દાવા પૈકીની રાજ્ય સરકારશ્રીના હિસ્સાની પુરેપુરી રકમ ચુકવી દીધેલ છે.
- ❖ વર્ષ ૨૦૦૯-૧૦ ના પાક વિમાના દાવાઓની ચૂકવણી માટે વીમા કંપની દ્વારા કાર્યવાહી થઇ રહી છે.

## ➢ પાક આયોજન :

નેશનલ ફુડ સિક્યુરિટી મીશન વર્ષ ૨૦૦૭-૦૮ થી અમલમાં છે. **ચોખા** પાક માટે પંચમહાલ, દાહોદ **ઘઉં** પાક માટે બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અમદાવાદ જિલ્લામાં અને **કઠોળ** પાક માટે રાજ્યના દરેક જિલ્લામાં અમલમાં છે. આ યોજના હેઠળ ચોખા, કઠોળ તથા ઘઉંનું ઉત્પાદન, ઉત્પાદકતા વધારવા જુદા-જુદા ઘટકો જેવા કે બિયારણ, પાક સંરક્ષણ સાધનો, સુક્ષ્મતત્વો, જીપ્સમ, સુધારેલ ખેત ઓજારો, સ્પીંકલર વગેરે ઘટકોમાં સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૮-૦૯ માં **૬૭૨.૨૨ લાખ** ,વર્ષ ૨૦૦૯-૧૦ માં **૧૪૪૩.૨૫ લાખ** તથા વર્ષ ૨૦૧૦-૧૧ મા જૂન માસ સુધી મા **૬30.0૪ લાખ** ની સહાય ખેડુતોને આપવામાં આવેલ છે

## ➢ ખેત ઉત્પાદન સામગ્રી અને ગુણવત્તા નિયંત્રણ:

- ❖ ખેત ઉત્પાદન સામગ્રી વિતરણ વ્યવસ્થા તથા ગુણવતા નિયંત્રણ ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામા આવે છે. ખેડૂતોને બિયારણ,ખાતર,જંતુનાશાક દવા જેવા ખેતી ઇનપુટ્સ સામગ્રી સમયસર અને ગુણવતાયુક્ત મળે તે બાબતે તેના ઉત્પાદન, વિતરણ વગેરેમા તકેદારી માટે ઠોસ આયોજન કરેલ છે.
- ❖ (૧) સંકલિત રોગ/જીવાત નિયંત્રણ (૨) જૈવિક નિયંત્રણ (૩) ૧૦૦% બીજ માવજત ઝુંબેશનો અમલ (૪) આકસ્મિક ફાટી નીકળતા રોગ-જીવાત નુ અસરકારક નિયંત્રણ (૫) ઓર્ગેનિક ફાર્મિંગ જેવા કાર્યક્રમો હાથ ધરવામા આવેલ છે.

## ➢ ફાર્મ મિકેનાઇઝેશન :

ખેડૂતોને ખેતી વિષયક યાંત્રિકીકરણ નો લાભ મળે તે હેતુથી પાવર ઓપરેટેડ સુધારેલા ખેત ઓજારો/ફાર્મ મશીનરી સહાયિત દરે આપવાની રાજ્ય સરકારની તેમજ કેન્દ્ર સરકાર ની યોજનાઓનો અમલ કરવામા આવે છે.

## ➢ સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર યોજના:

❖ આ યોજના હેઠળ કોઇ ખેડૂત પોતાની આગવી કોઠાસૂઝ થી નવીનતમ ટેકનીક ધ્વારા ખેડૂતોના મોટા સમૂહને લાભ થાય તેવી તકનીકી ધ્વારા નક્કી કરેલ છ ક્ષેત્રો પૈકી કોઇ પણ ક્ષેત્ર મા આગવુ પ્રદાન કરે તો દરેક ક્ષેત્રમા પ્રથમ આવનાર એક એમ કુલ છ ખેડુતો ને પુરસ્કાર પેટે રૂ. 51000/- તથા શાલ અને સન્માનપત્ર આપવામા આવે છે.

♦ વર્ષ 2007-08 માટે બે ખેડૂતોને રોકડ પુરસ્કાર અને દસ ખેડૂતોને શાલ અને સન્માનપત્ર આપી પુરસ્કાર એનાયત કરવામા આવ્યા છે.

♦ વર્ષ 2008-09 માટે ત્રણ ખેડૂતોને રોકડ પુરસ્કાર અને ત્રણ ખેડૂતોને શાલ અને સન્માનપત્ર આપી પુરસ્કાર એનાયત કરવામા આવ્યા છે.

♦ વર્ષ 2009-10 માટે ચાર ખેડૂતોને રોકડ પુરસ્કાર અને સાત ખેડૂતોને શાલ અને સન્માનપત્ર આપી પુરસ્કાર એનાયત કરવામા આવ્યા છે.

## ➢ <u>રાષ્ટ્રીય એવોર્ડ</u> :

❖ નેશનલ પ્રોડકટીવીટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા, નવી દિલ્હી દ્વારા રાજ્યના કૃષિ વિકાસને ધ્યાને લઈ વર્ષ ૨૦૦૨-૦૩, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના વર્ષ માટેના નેશનલ પ્રોડકટીવીટી એવોર્ડ પણ એનાયત થયેલ છે.

❖ રાજ્યના કૃષિ વિકાસને ધ્યાને લઈ **સ્ટેટ એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ-૨૦૦૯** આયોજન પંચના ઉપાધ્યક્ષ માન. ડૉ. મોન્ટેકસિંહ. અહલુવાલીયાના વરદ હસ્તે રાજ્યને એનાયત કરવામાં આવ્યો.

❖ સોઈલ હેલ્થ કાર્ડના કાર્યક્રમની ભારત સરકારશ્રીના આયોજન પંચ દ્વારા તથા ડૉ. એમ.એસ.સ્વામીનાથન દ્વારા પ્રશંસા કરવામાં આવેલ છે.

❖ કપાસની સારી કામગીરી ધ્યાને લઈ ભારત સરકારશ્રી તથા કોટન ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ એશોસિયેશન દ્વારા પ્રશંસા કરવામાં આવેલ છે.

♣ ♠ ♣ ♠ ♣ ♠ ♣ ♠ ♣